# મોડાસામાં જિલ્લા ભાજપ મહિલા મોરચાનુ સંમેલન યોજાયું

## પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડો. જ્યોતિબેન પંડ્યાએ ભાજપાને જીતાડવા આહવાન



મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર ખાતે જિલ્લા ભાજપા કાર્યાલયમાં બુધવારે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના મહિલા મોરચાનું સંમેલન યોજાયુ હતુ. ભાજપા પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલા મહિલા સંમેલનમાં બન્ને જિલ્લાની મહિલાઓ કેસરીયા ખેસ પહેરી મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. સંમેલનમાં હાજર રહેલી મહિલા કાર્યકર્તાઓએ વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં રાજ્યમાં ભાજપાને જંગી સીટોથી જીતાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત રાજ્યમાં આગામી થોડાક સમયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ બેઠકો જીતવાનો દાવો કરી સમગ્ર રાજ્યમાં કમર કસી છે. અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસીંહ ડાભી અને મંત્રી શામળભાઈ પટેલની ઉપસ્થિતિમાં મોડાસાના જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની મહિલા મોરચાનુ વિશાળ સંમેલન યોજાયુ હતુ.

ભાજપા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંડ્યા સહિત મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ કૌશલ્ય કુંવરબા, પ્રદેશ સંગઠનના ઉપાધ્યક્ષ અને પૂર્વ મહિલા અને બાળ વિકાસ મંત્રી જશુબેન કોરાટ, પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી અને જી.એસ.આર.ટી.સી.ના ડીરેક્ટર હેમાલીબેન બોગાવાલા, પ્રદેશ આઈ.ટી. સેલ કન્વીનર, દર્ષનાબેન બારોટ, પ્રદેશ કારોબારી સભ્ય હેમલત્તાબેન પટેલ, જિલ્લા ઉપપ્રમુખ નિલાબેન મોડીયા, પ્રતિક્ષા કુંવરબા, અરવલ્લી જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ નીતાબેન ભાવસાર, મહિલા મોરચાના પ્રમુખ પારૂલબેન શુક્લ, પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર અને અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના નગરપાલિકાના પ્રમુખોની ઉપસ્થિતિમાં યોજાયેલા મહિલા સંમેલનમાં બન્ને જિલ્લાના ચૂંટાયેલા જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, નગરપાલિકાની કોર્પોરેટર મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ભાજપા સમર્થક મહિલાઓ કેસરીયો ખેસ પહેરી ઉપસ્થિત રહી હતી.

બન્ને જિલ્લાના મહિલા મોરચાના સંમેલનમાં આગામી સમયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાઈ જવા અને મહિલાઓને પ્રાધાન્ય આપતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ લોકોના ઘરે ઘરે પહોંચાડવાની અને સતત લોક સંપર્ક જાળવી આગામી ૨૦૧૭ની ચૂંટણીમાં પ્રજાજનોને ભાજપા તરફી આકર્ષવા અને જંગી જીત મેળવવાનો સંકલ્પ લેવડાવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યમાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપા જંગી જીત મેળવવા એડી ચોટીનું જોર લગાવી રહી છે.

# બનાસબેંકનું બાકી લ્હેણું ન ભરનારને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

બનાસકાંઠા, તા. ૩

બનાસબેંકની ડીસા શાખામાંથી ટ્રેક્ટર લોન, જમીન સુધારણા લોન અને સબમર્સીબલ મોટર અને પાઈપલાઈન માટે લોન લઈને સમયસર ભરપાઈ ન કરનાર માલગઢ, તા. ડીસાના વાઘાજી સવાજી માળીને નામદાર એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ડીસાએ એક વર્ષની કેદની સજા ફટકારતાં બનાસબેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કેસની હકીકત મુજબ માલગઢ, તા. ડીસાના વાઘાજી સવાજી માળીએ બનાસબેંકની ડીસા શાખામાંથી વ્યક્તિ મધ્યમ મુદત ટ્રેક્ટર લોન, વ્યક્તિ મધ્યમ મુદત જમીન સુધારણા લોન, વ્યક્તિ મધ્યમ મુદત સબમર્શીબલ મોટર તથા પાઈપલાઈન માટે અને વ્યક્તિ ટુંકી મુદતની લોન પેટે લીધેલા જેના મુદલના રૂ. ૫,૫૯,૪૭૧ તેમજ વ્યાજના રૂ. ૨,૩૬,૭૪૯ મળી કુલ રૂ. ૬,૯૬,૨૨૦ પેટે ભરપાઈ કરવા બેંકને ચેક આપેલ. જે ચેક પૂરતા બેલેન્સને અભાવે પરત થતાં બેંકે નેગોશીયેશન ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ડીસાની નામદાર એડી. ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફરીયાદ કરતાં નામદાર કોર્ટે આરોપીને દોષીત ઠરાવી એક વર્ષની કેદની સજા અને રૂ. ૬,૯૬,૨૨૦ વળતર પેટે બેંકને ચુકવવા હુકમ કરેલ છે. વધુમાં દોષીત ઠરેલ વાઘાજી સવાજી માળી આ વળતરની રકમ ન ચુકવે તો વધુ ત્રણ માસની કેદની સજાનો પણ હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદ પક્ષે બેંકના જુની. ઈન્સ્પેક્ટર કાળુભાઈ એ. પટેલ અને વકીલ તરીકે એ.એસ. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

# ઢુવા રોડ પર પેટા કેનાલો પર ગેરકાયદેસર કબ્જો

## આસપાસના ખેડૂતોએ દબાણ કરી જગ્યા પચાવી

ડીસા, તા. ૩

ડીસા રેલ્વે સ્ટેશનથી ઢુવા તરફ પસાર થતી પેટા કેનાલો પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી દેવાયો છે. આ વિસ્તારની પેટા કેનાલની વર્ષોથી તેમાં પાણી નથી એટલે ઘણા વર્ષોથી તેમાં પાણી છોડાયું નથી. એટલે આ નેહરો બંધ હાલતમાં પડેલી છે. ઢુવા રોડ પર જનકવાડા વિસ્તાર તરીકે ઓળખાતા વિસ્તારની પણ આવી હાલત છે. કેટલીક જગ્યાએ નગરની બાજુમાં આવેલા રસ્તાઓ ખેતરો દબાવી દીધા છે. જેના કારણે લોકોને અવર જવર કરવામાં પણ ભારે મૂશ્કેલીનો સામનો કરવો પડે છે. આ વિસ્તારના લોકોએ જણાવ્યું હતું કે અગાઉના ખેતર માલીકોએ નહેરો પર દબાણ કર્યા ન હોતા પરંતુ જમીનો વેચાયા બાદ જમીન રાખનાર ઈસ્મોએ નહેરોની જમીન પચાવી પાડી છે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ બાબતની નોંધ લઈ નગરોની જગ્યા પર થયેલો અથામણીનો કબ્જો હટાવી જગ્યા ખુલ્લી કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# અધિકારી મીટીંગમાં વ્યસ્ત ને પવન ફેન રૂમમાં વ્યસ્ત





પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે આવેલ ટી.ડી. ઓફીસમાં અધિકારી ના હોવા છતાં બન્ને પંખા ચાલુ રહેતા સરકારના વીજળી બચાવો અભિયાન ઉપર ભર ઉનાળે પાણી ફરી વળ્યુ.

પ્રાંતિજ રેલવેસ્ટેશન વિસ્તારમાં આવેલ તાલુકા પંચાયત ખાતે તાલુકા વિકાસ અધિકારી ઓફીસમાં હાજર ના હોવા છતાં ઓફીસમાં આવેલ બન્ને પંખા ચાલુ જોવા મળ્યા હતા અને વીજળીના દૂર ઉપયોગ થતો જોવા મળ્યો હતો અને સરકારના વીજળી બચાવો અભિયાન ધ્યેય ઉપર પાણી ફરી વળ્યુ છે. જ્યારે પુછપરછ કરતા માલુમ પડ્યુ કે મહિલા તાલુકા વિકાસ અધિકારી જિલ્લાના મિટીંગ હોવાથી હિંમતનગર ખાતે ગયેલા હોવાનું જાણવા મળ્યુ હતુ. ત્યારે અધિકારી પોતાની ચેમ્બરમાં ના હોવા છતાં બબ્બે પંખાઓ ચાલુ રહેતા વીજળીનો દૂર ઉપયોગની સાથે વીજળી બચાવો અભિયાન ઉપર ખરેખર પાણી ફરી વળ્યુ છે. તેમ કહીએ તો નવાઈ નહી ત્યારે તસવીર કેમેરામાં કેદ કરતાં તંત્ર દ્વારા બન્ને પંખાઓ બંધ કરી ઓફીસને બહારથી તાળુ મારવામાં આવ્યુ હતુ. જ્યારે ખરેખર વીજળી બચાવો અભિયાન ઉપર પાણી ફરી વળ્યુ છે.



**કાશ્મીર ઘાટીમાં સેના પર થતા પત્થરમારાના પગલે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ**

જમ્મુ-કાશ્મીરની કાશ્મીર ઘાટીમાં સેના પર પત્થરમારાની ઘટનાઓ નિરંતર વધી રહી છે. દેશની રક્ષા કરનાર સૈનિકો પર પત્થરમારો કરનાર દેશના ગદ્દારો અને આતંકવાદી પ્રવૃત્તિને સમર્થન આપનાર પત્થરબાજો પર આતંકવાદીઓ સામે થતી કાર્યવાહી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે તેવી માંગ સાથે મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધીને સમગ્ર ભારતદેશમાં આવેદનપત્ર આપવાના ભાગરૂપે અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીએ વીએચપીના પ્રાંતના જયંતિભાઈ, મંત્રી કિરીટ શાહ, બજરંગ દળના સંયોજક પ્રતિક પટેલ, મહેન્દ્ર પટેલ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. કેન્દ્રમાં ભાજપાની સરકાર ૫૬ની છાતીની વાતો જ કરતી હોવાનો રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો.

# ખેરાડી ગામમાં નવનિર્માણ પામેલ પ્રભુમંદિરની સમર્પણ વિધિ સંપન્ન



ભિલોડા, તા. ૩

ચર્ચ ઓફ નોર્થ ઈન્ડિયા-ગુજરાત ડાયોસિસ સીએનઆઈ સેંટ પીટર ચર્ચ ખેરાડી-ભિલોડા પાસ્ટોરેટ પ્રભુમંદિરની સમર્પણ વિધિનો કાર્યક્રમ તા. ૨૮મી એપ્રિલના રોજ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગના મુખ્ય મહેમાન ધી. રાઈટ, રેવ બિશપ (અમદાવાદ) તથા જુદી જુદી મંડળીઓમાંથી આવેલા પાળકોનું સ્વાગત ગામના ભાગોળે શરણાઈ વાજા સાથે મંડળીના ભાઈ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

ચર્ચના કંપાઉન્ડમાં મોટી સંખ્યામાં હાજર રહેલા ખ્રિસ્તી ભાઈ-બહેનોએ સરઘસ સ્વરૂપે ભક્તિગીતો ગાતા ગાતા મંદિર આગળ આવ્યા હતા. તે દરમિયાન ચર્ચના ઉદ્દઘાટક ધી. રાઈટ રેવ. સિલવાન્સ ક્રિશ્ચિયન (બિશપ ઓફ ગુજરાત)ના હસ્તે રીબિન કાપવામાં આવી હતી. જ્યારે પૂર્વ બિશપ માલવિયાએ દરવાજાનું તાળુ ખોલી ચર્ચને ખુલ્લુ મુક્યુ હતુ.

# વડોદરા મહાદેવ તળાવ પર દબાણ સામે કરાયેલી અરજી

## જામવાડીના સાચા લાભાર્થીના નામ લિસ્ટથી ગાયબ : ખાનગી કંપની દ્વારા દબાણના મામલમાં રાજ્ય સરકાર, વડોદરા મનપા સહિતના સત્તાધીશોને હાઇકોર્ટની નોટિસ

અમદાવાદ, તા.૩

વડોદરાના સયાજીગંજ પાસે જામવાડી વિસ્તારમાં વર્ષોથી રહેતાં જેન્યુઈન ઝુંપડાવાસી લાભાર્થીઓને પુનઃસ્થાપનની યોજનાની યાદીમાં સામેલ કરવા અને આ વિસ્તારના મહાદેવ તળાવની જગ્યામાં જે ખાનગી કંપનીને ડેવલપમેન્ટ કામગીરી સોંપાઈ છે તેના દ્વારા થઈ રહેલા દબાણને અટકાવવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ થઈ છે. હાઈકોર્ટે આ કેસમાં રાજ્ય સરકાર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, રીડ ઓરીજીન્સ પ્રા.લિ સહિતના સત્તાવાળાઓને નોટિસો જારી કરી છે અને કેસની વધુ સુનાવણી જૂનમાં રાખી છે. પીઆઈએલમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, વડોદરાના સયાજીગંજ પાસે જામવાડી વિસ્તારને સરકારની સ્લમ ડવેલર્સ પુનઃસ્થાપન સ્કીમ-૨૦૧૩ અંતર્ગત ખાનગી રીડ ઓરીજીન્સ પ્રા.લિ કંપનીને વિકાસનું કામકાજ સોંપવામાં આવ્યું હતું. આ કામગીરીના ભાગરૂપે વર્ષોથી આ જગ્યા પર રહેતા ઝુંપડાવાસીઓને અન્યત્ર ખસેડાયા હતા, પાછળથી જયારે પુનઃસ્થાપન યોજનાના લાભાર્થીઓની યાદી બની તો, તેમાંથી સાચા લાભાર્થી ઝુંપડાવાસીઓના નામ જ ગાયબ હતા. અરજદારપક્ષ દ્વારા આ સમગ્ર મામલે હાઈકોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું કે, જામવાડી વિસ્તારના સાચા લાભાર્થીઓના નામો સામેલ કરવા અને સમગ્ર મુદ્દે રિસર્વે કરવા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓને રજૂઆત પણ કરવામાં આવી તેમછતાં તેમની રજૂઆત ધ્યાને લેવાઈ નથી. એટલું જ નહી, જે કંપનીને કામ સોંપાયું છે, તેણે ઉપરોકત વિસ્તારમાં મહાદેવ તળાવની જગ્યામાં ગેરકાયદે દબાણ ઉભું કરી દીધુંછે, જેના કારણે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓનો ભંગ થાય છે.

# પાકિસ્તાન દ્વારા સરહદ પર થઈ રહેલી નાપાક હરકતને વખોડતા સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ

સાબરકાંઠા, તા. ૩

છેલ્લા કેટલાય સમયથી મલિન અને નાપાક ઈરાદાઓ સાથે પાકિસ્તાન આપણા દેશની સેના સાથે બર્બરતાપૂર્વક વ્યવહાર કરી રહ્યુ છે અનો સૌનિકો ઉપર ગદ્દારીપૂર્વક હુમલાઓ કરી સૈનિકોને શહિદ કરી રહ્યુ છે. નાલાયકીની હદ વટાવી શહિદોના મૃતદેહ સાથે ખીલવાડ કરી શીરચ્છેદ કરે છે અને પોતાના નાપાક ઈરાદાઓ જાહેર કરે છે તેમ છતા આપણે ચુપચાપ તેની નાપાક હરકતને બર્દાસ્ત કરી રહ્યા છીએ. આ તબક્કે હું દુઃખપૂર્વક દેશના વડાપ્રધાનને અપીલ કરૂ છુ કે આપણા જવાનોની શહિદીનો બદલો લેવા પાકિસ્તાનમાં ઘૂસી એક ને બદલે પચાસ માથા વાઢી લાવો. ગોપાલસિંહે વધુમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યુ કે પાકિસ્તાન સાથે તેનીજ ભાષામાં વાત કરવી જોઈએ અને 'લાતો કે ભૂત બાતો સે નહિ માનતે' તેમ તેના ઘરમાં ઘૂસી તેને માત કરવી જોઈએ. આ તબક્કે રાઠોડે શહિદોને શ્રદ્ધાંજલિ અર્પતા તેમના પરિવાર પર આવેલી આપત્તિમાં ભગવાન તેમને શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરી આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી હતી.

### ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી મધ્યે

# ઈષ્ટદેવ એકલીંગજી મંદીર જીર્ણોધ્ધારનો શિલાન્યાસ

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી મધ્યે ઈષ્ટદેવ એકલીંગજી મંદીર જીર્ણોધ્ધારનો શિલાન્યાસ સમસ્ત બ્રાહ્મણ સમુદાય ઉમટ્યો હતો.એકલીંજી મંદીરના જીર્ણોધ્ધાર નિમિત્તે શિલાન્યાસ વિધિ નિમિત્તે અંબાજીના શાસ્ત્રી શ્વેતાંગ આર. જોષી વિધિ વિધાન પુર્વક પુજા વિધિ કરાવી હતી. એકલીંગજી ટ્રસ્ટ નારસોલી પ્રમુખ લક્ષ્મીશંકર જોષી, ઉપપ્રમુખ પ્રભાશંકર પંડ્યા, મંત્રી દિનેશચંદ્ર જોષી, સહમંત્રી રીતુબેન જાની, ટ્રસ્ટી ગુણવંતભાઈ ત્રિવેદી, જીજ્ઞેશભાઈ જોષી, હેમંતભાઈ પંડ્યા, અશોકભાઈ જોષી, અતુલભાઈ દિક્ષીત, રાજુભાઈ જોષી, પ્રજ્ઞેશભાઈ જોષી સહિત સમસ્ત બ્રાહ્મણ સમાજના આગેવાનો, ભુદેવો, નારસોલી-નારણપુર ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાવિક ભકતોએ દર્શન કરી પ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી. આગામી આયોજનો પાઠશાળા બનાવવી, ગૌશાળા બનાવવાના ભગીરથ





પ્રયાસો હાથ ધરાયા છે.

ભુદેવોના ઈષ્ટદેવ એકલીંગજી મહાદેવ અને કુળદેવી કાત્યાયની મા મેવાડના ઉદેપુરથી આગળ કૈલાશપુરી નામે જગ વિખ્યાત એકલીંગજી મહાદેવ અને કાત્યાયની માં નું મંદીર આવેલ છે. વર્ષો પહેલાં ભુદેવોના વડવાઓ જ્યારે તેરમી સદીમાં મેવાડ છોડીને ગુજરાતમાં આવ્યા ત્યારે સૌપ્રથમ નારસોલી ગામે એકલીંગજી મહાદેવ મંદીરનું નિર્માણ કરેલ હતું ત્યારે વર્ષો પહેલાં ત્યાં વસવાટ કર્યો હતો. આ મંદીર આજે ભગ્ન સ્થિતીમાં છે. તે મંદીરનું પુનઃસ્થાપન કરવાનો જાણે હવે દાદાની કૃપાથી સમય નજીક આવી રહ્યો છે. આ બાબતે વડવાઓના કહેવા પ્રમાણે આ મંદીરની વાત એવી સંભળાય છે કે સંવત ૧૨૮૦ માં શ્રી મહાનંદ ત્રિવેદીની આગેવાની હેઠળ મેવાડા બ્રાહ્મણો, સુથારો અને સોનીઓ સહિતના સમાજો વિધર્મી આક્રમણથી બચવાને સ્વધર્મના રક્ષણાર્થે મેવાડ છોડી નાગદામાંથી ગુજરાતમાં સ્થળાંતર કરેલું. ગુજરાતના અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચેનું નારસોલી ખાતે વસવાટ કર્યો હતો ત્યારે રેતી-ખડકનું શિખર સજાવી એકલીંગ મહાદેવનું મંદીર બનાવેલ હતું. જે તે સમયે ગુજરાતમાં અરવલ્લીની ટેકરીઓમાં વસતા ભુદેવો ત્યાંથી સલામત ખસી જવા તત્કાલીન રાણા ભીમદેવે તેમના સૈનિકો ધ્વારા જણાવેલ અને રાજ્યાશ્રમ આપેલો. અલ્લાઉદ્દીનના સૈનિકોએ કૈલાશપુરીના એકલીંગજી મંદીરને ખંડીત કરવાનો પ્રયાસ કરેલો પણ દાદાની કૃપાથી ભમરાઓના ઝુંડ ઉડ્યા હતા અને સૈનિકો ભાગ્યા અને મંદીર બચી જવા પામ્યં હતું. ઈતિહાસ કહે છે કે તે દરમ્યાન દસ હજારથી વધુ મેવાડ સમુદાયે એકલીંગજી મંદીરને બચાવવા પોતાના પ્રાણોની આહુતી આપેલી.ઉપલધ્ધ જાણકારી મુજબ જનોઈઓનું વજન ૮૨ મણ,ઉદેપુરના રાજપત્રોમાં આ વજન ૭૪॥ મણ હતું તેવો ઉલ્લેખ સંભળાય છે ત્યાર બાદ વિધર્મી આક્રમકોએ નારસોલીના મંદીરને પણ તોડ્યું ત્યાંના બ્રાહ્મણોને મારીને ભગાડી મુક્યા અને શીવલીંગને ખંડીત કર્યુ. નારસોલી એકલીંગ મંદીરના જીર્ણોધ્ધાર અને મંદીરની પુનઃનિર્માણ કરવાની દરેક ભુદેવોની જવાબદારી બને છે. તે પુરી થાય તો વડવાઓ પ્રત્યેનું તર્પણ કર્યુ ગણાશે. મેવાડના (કૈલાશપુરી) એકલીંગજી પુનઃનિર્માણ જેમ બને તેમ જલદી થી બને તે માટે સર્વે ભુદેવોમાં અનેરો આનંદ જણાય છે.

# નર્મદાના નીરથી આ વિસ્તારની કાયાપલટ થઈ છે : જીતુભાઈ વાઘાણી

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લાના સવપુરા મુકામે ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી અને કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગના રાજયમંત્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં જીવતચર્યાનો સામાજીક કાર્યક્રમ યોજાયો હતો. જીવતચર્યા ઉજવણુ કરનાર ઈશ્વરભાઈ પટેલ અને તેમના પરિવારજનોને અધ્યક્ષ અને મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે અધ્યક્ષે જણાવ્યું કે વિકાસપુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનથી વિકાસ અને સુશાસનના ફળ દેશભરમાં છેવાડાના વ્યક્તિઓ અને વિસ્તારો સુધી સરળતાથી પહોંચી રહ્યા છે.

તેમણે કહ્યું કે શાળાના ઓરડાઓ, ઉચ્ચ લાયકાતવાળા શિક્ષકોની ભરતી, શાળામાં કોમ્પ્યુટર લેબ આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે કર્યુ છે. અધ્યક્ષે કહ્યું કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દિકરીઓને ભણાવવા વચન માંગ્યુ હતુ. તે વચનને તમે સારી રીતે નિભાવ્યું છે. અને દિકરીઓ ભણવા લાગી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનનો નોટબંધીનો નિર્ણય ગરીબો માટે ખુશી




લાવનારો સાબિત થયો છે.

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અભિયાન સ્વરૂપ કામગીરી કરીને વણથંભી વિકાસયાત્રાને સફળતાપૂર્વક આગળ વધારવામાં આવે છે. અધ્યક્ષે ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

આ પ્રસંગે રાજસ્થાન જાલોરના સાંસદ દેવજીભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી ઉમેદદાન ગઢવી અને ભારતસિંહ ભટેસરીયા, પૂર્વ ધારાસભ્ય માવજીભાઈ પટેલ, મહંત સુખદેવ મહારાજ, જનકીનાથ મહારાજ, બનાસ ડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ, જિ.પં. શિક્ષણ સમિતિના ચેરમેન બાબરાભાઈ ચૌધરી, અગ્રણીઓ સર્વહિતેષ ચૌધરી, ગુમાનસિંહ ચૌહાણ, અણદાભાઈ પટેલ, ગિરીશભાઈ જગાણીયા સહિત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.